
એનઆરઆઇ મુરતિયાને દીકરી દેતા પહેલાં...

૨૨ જાન્યુઆરી, ૨૦૦૫ રૂપિયા ૧૦-૦૦

# અભિયાન

વિશ્વ ગુજરાતી વિશેષ



## સેમ પિત્રોડા જીવનકિતાબનાં ભર્યાંભર્યાં પાનાં ખોલે છે

મેડિકલ ટુરિઝમ

## વિદેશીઓને વહાલી સોંઘી અને સુપર ટ્રીટમેન્ટ

• દિગંત ઓઝા

# બ્રેન ડ્રેનની ભારત સરકારે ક્યારેય બહુ પરવાહ કરી નથી

બ્રેન ડ્રેન યાને દેશી પ્રતિભાને વિદેશમાં તાણી જવાની જેમની સામે શિકાયત હોવી જોઈએ એમના પર ભારતના શાસકો ઓળઘોળ થઈ રહ્યા છે. બિનનિવાસી ભારતીયોને મૂડીરોકાણ કરવા માટે લલચાવવાનું, એ માટે ભાતભાતની યોજનાઓનાં ગાજર તેમની સામે લટકાવવાનું તો જાણે સમજાય, પરંતુ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે તો ૧૯૫૦ પછી વતન છોડી ગયેલા હિન્દુસ્તાનીઓને બેવડા નાગરિકત્વની ભેટથી નવાજ્યા છે તેનું અહો આશ્ચર્યમ્ છે. સમજણ નથી પડતી પોતાના દેશમાં નહીં રહેવાનું પસંદ કરનારા નાગરિકોમાં આ દેશના વહીવટકર્તાઓ શું ભાળી ગયા છે?

સેમ (સત્યેન્દ્ર ગંગારામ) પિત્રોડા જોકે એમાં અપવાદ છે. ભારતીય બુદ્ધિધન પરદેશ ઘસડાઈ જાય તેની તેઓ ખિલાફ હતા અને આજે પણ છે.

સરી ગયેલા સપ્તાહની જ વાત છે. 'પોટા'ના કાળા કાયદાને કાગળ પર નાબૂદ કરવા છતાં તેની પરેશાનીથી અસરગ્રસ્ત પરિવારો મુક્ત નથી, રિવ્યુ (પુનર્વિચાર) કરનારી સમિતિને કાયદાએ દાંત આપ્યા નથી, ભલામણની સત્તા છે, પરંતુ તે કામગીરી પણ સમિતિ ગોકળગાયની ગતિએ કરી રહી છે. આ ફરિયાદ કરવા ગુજરાતના કેટલાક અગ્રગણ્ય ધારાશાસ્ત્રીઓ અને કર્મશીલો ગુજરાત કોંગ્રેસના લીગલ (કાયદા) સેલના સંયોજકના નિમંત્રણથી અમદાવાદના વિમાનમથક નજીકની તાજ હોટેલમાં પહોંચ્યા. નિમિત્ત હતું : દેશના ટોચના ધારાશાસ્ત્રીઓમાંના એક અને મનમોહન સરકારમાં વિજ્ઞાન તેમજ ટેકનોલોજી મંત્રાલયોનો હવાલો ધરાવતા કપિલ સિબ્બલને મળવાનું, પોટાની પરિસ્થિતિ તેમજ ગુજરાતમાંની બેહાલી અંગે તેમની જોડે ચર્ચા કરી એડવોકેટ સિબ્બલની સલાહ મેળવવાનું.





(ડાબે) પોટાના કાયદા અંગે રજૂઆત કરવા ગયેલા ગુજરાતના કર્મશીલોને કપિલ સિબ્બલના વર્તનનો કડવો પરિચય થયો; (જમણે) વડા પ્રધાન મનમોહન સિંહે બિનનિવાસી ભારતીયોને બેવડું નાગરિકત્વ આપવાનું વચન આપ્યું છે

ભારે ઉમ્મીદ સાથે પોટાની ખિલાફત કરનારા તાજ હોટેલ પહોંચ્યા તો ખરા, પરંતુ તેમનો અનુભવ ભારે વસમો હતો. ગિરીશ પટેલ અને મહેશ ભટ્ટ જેવા સિનિયર એડવોકેટ, શિબા જ્યોર્જ સમાં મહિલા કર્મશીલ અને અન્ય આગેવાન એનજીઓને બેસાડવા જેટલાં વિવેક અને સૌજન્ય તો મિનિસ્ટરસાહેબે ન દાખવ્યાં, પરંતુ તેમણે પોતાની તુમાખી અને તોછડાઈનો પણ પરિચય રજૂઆત કરવા આવેલા ગુજરાતીઓને કરાવ્યો હતો.

પોતે પોટા નાબૂદી અંગે કશું કરી શકે તેમ નથી, જે કાંઈ રજૂઆતો હોય તે કેન્દ્રના ગૃહપ્રધાન શિવરાજ પાટિલ અથવા યુપીએનાં અધ્યક્ષા મેડમ સોનિયા સમક્ષ કરવી પડે એમ વારંવાર કહેતા રહેલા કપિલભાઈને જ્યારે રજૂઆત કરવા ગયેલાઓ પૈકી એકે સોનિયાજીની મુલાકાત મેળવી આપવા વિનંતી કરી ત્યારે તેમનો જવાબ હતો : 'મુલાકાત મારે મેળવી આપવાની ના હોય, એ માટે અહમદ પટેલને કહો, એ ગુજરાતના છે.'

ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં જૂથબંધી હોય તો ભલે રહી, મનમોહન સરકારના પ્રધાનજીઓને આપસમાં અણબનાવ હોય તો છો રહ્યો, પરંતુ એના પરિણામે શિવરાજ પાટિલ અને અહમદ પટેલને વિલન ચીતરવા ખાતર ગુજરાતના અસરગ્રસ્તોને ભોગ બનાવવાના?

રજૂઆત કરનારાઓ જે વાત કહેતા હતા તે તો સોનિયાજી સહિત અનેકે જાહેરમાં સ્વીકારી છે. ગુજરાતમાંથી ચૂંટાયેલા કોંગ્રેસના ડઝન ઉપરાંત સાંસદો છે, છતાં માત્ર અહમદ પટેલનું નામ લઈને તેમણે સોનિયાજીની એપોઈન્ટમેન્ટ લઈ આપવી જોઈએ એમ સિબ્બલ કહે તેનો મતલબ શો?

રજૂઆત કરવા ગયેલામાંના એકે સહેજ ઊંચા સાદે સિનિયર એડવોકેટોને બેસવા માટે ખુરશી નહીં આપવા અને ઊભા-ઊભા વાત કરવા બદલ નારાજગી વ્યક્ત કરી ત્યારે કપિલ સિબ્બલ ઉવાચ, 'ગુજરાતમાં ખુરશી મારે તમને આપવાની? તમને અહીં નોતરું આપ્યું હતું તેમની પાસે ખુરશી માગો. (ગુજરાત કોંગ્રેસના લીગલ સેલના સંયોજક એવા રાજ્યની વડી અદાલતના એ વકીલસાહેબ ત્યારે ક્યાંય દેખાતા નહોતા એ જુદી વાત છે.) તમારે માટે બેસવાની સગવડ નથી તેથી હું પોતે પણ ઊભો રહ્યો અને તમે મારી જોડે આવી ભાષામાં વાત કરો છો?'


આ બધી બોલાચાલી થોડેક દૂર તાજ હોટેલના રિસેપ્શન પાસે ઊભેલા વિશ્વવિખ્યાત ટેક્નોક્રેટ સેમ પિત્રોડા સાંભળી રહ્યા હતા. થોડીવાર પછી તેમણે અમદાવાદના એક સામાજિક કર્મશીલને નજીક બોલાવીને પોતાના રૂમમાં બેસવાની ઓફર કરી પોતાનું સૌજન્ય દાખવ્યું. સેમભાઈને ખરેખર સિબ્બલસાહેબની વર્તણૂકથી લાગી આવ્યું હતું. તેમણે કહ્યું, 'હું તો મારા પોતાના ઘરમાં આવ્યો છું, મારા ભાઈઓની વાત બેસીને સાંભળવી જોઈએ એમ મને લાગે છે. તેથી મારા રૂમનો ઉપયોગ કરવાની ઓફર કરું છું.'

અમદાવાદને આંગણે યોજાયેલી ભારત વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા સેમ પિત્રોડા આવ્યા હતા. હજુ તો આગલા જ દિવસે તેમણે ભારતની યુવાશક્તિની અવગણના અંગે પોતાનો બળાપો જાહેરમાં વ્યક્ત કર્યો હતો ત્યાં સિનિયરોની અવમાનના જોવાનો વારો આવ્યો તેથી પિત્રોડાનો પિત્તો જવો સ્વાભાવિક હતો.

ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસના અમદાવાદ સમારંભમાં બોલતાં સેમ પિત્રોડાએ એવી મતલબનું કહ્યું હતું કે, 'ચીન જેવો બંધ (માહિતીના અધિકારની દૃષ્ટિએ) દેશ પણ આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરી ચૂક્યો છે. ભારત પાસે અઢળક કુદરતી સંપત્તિ અને અગણિત માનવશક્તિ છે. આમ છતાં આ દેશની સમૂળગી કાયાપલટ થતી નથી. એનાં અનેક કારણોમાંનું એક મુખ્ય કારણ એ છે કે

ભારતના શકિતશાળી યુવાન ધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આ દેશ ઊણો તો ઊતર્યો જ છે, પરંતુ યુવાધનની અવગણના કરાય છે. પરિણામે અમેરિકા અને યુરોપના દેશોમાં ભારતનું યુવાધન (બ્રેન ડ્રેન) ઘસડાઈ જાય છે. આ દુઃખની વાત છે.'

ભારત હજી તેની ભૂખમરો, કુપોષણ, પીવાના ચોખ્ખા પાણીનો અભાવ, નિરક્ષરતા, બેરોજગારી અને છેક છેવાડાના ગામે માળખાકીય અને સ્વાસ્થ્યની સુવિધા પહોંચાડવા જેવી પાયાની સમસ્યાઓને ઉકેલી શક્યું નથી. ભારતનું સંશોધન સંપન્નોની સવલતોને અનુલક્ષીને નહીં પરંતુ જનસામાન્યના જીવનમાં મદદરૂપ નીવડે તેવું હોવું જોઈએ એમ કહીને સેમ પિત્રોડાએ ઉમેર્યું હતું કે, આવું ત્યારે જ થઈ શકે જ્યારે આ દેશ રેઢિયાળ કાર્યપ્રણાલી, ધાર્મિક કટ્ટરવાદ અને સરકારીબાબુઓની નોકરશાહ નાગચૂડમાંથી બહાર નીકળી શકે.



સેમ પિત્રોડા : આ દેશમાં કોઇ સરકાર યુવા વર્ગ માટે ઉદ્દીપક (કેટેલિસ્ટ) બનતી નથી

૯મી જાન્યુઆરીએ મુંબઈના નરિમાન પોઈન્ટ પર આવેલી હિલ્ટન હોટેલના રિગલ રૂમમાં વિશ્વ ગુજરાતી સમાજનો સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ ભારતના રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના હસ્તે સેમ પિત્રોડાએ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ એસ.એમ. ક્રિષ્ના, મુખ્યપ્રધાન વિલાસરાવ દેશમુખ અને નાયબ મુખ્યપ્રધાન આર.આર. પાટિલ પણ હાજર હતા. વિશ્વ ગુજરાતી સમાજ માટે આ ગૌરવનો પ્રસંગ હતો. સમાજના એક આગેવાનના શબ્દોમાં, 'સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડને સેમ પિત્રોડા એનાયત થયા છે.' આવા સેમ પિત્રોડાના ઉપરોક્ત વિચારો પહેલીવાર વ્યક્ત થયા નથી.

વડા પ્રધાન રાજીવ ગાંધીના સલાહકાર તરીકે ભારતના સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર, સમાજચિંતક અને દૂરદૃષ્ટા એવા સેમ પિત્રોડાની ખાસ મુલાકાત લેવાનો અવસર કુતુબનામાના લેખકને પ્રાપ્ત થયો હતો ત્યારે સેમભાઈએ લેખકના સવાલોના શુદ્ધ ગુજરાતી ભાષામાં જવાબ આપતાં કહ્યું હતું : 'મને ખબર છે કે આયાતી ટેક્નોલોજી એ એવું માળખું (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) રહ્યું છે જેમાં આ દેશના નાગરિકને ભાગ લેવાનો કે વિકસવાનો મોકો જ મળતો નથી. આપણી ટેક્નિકલ ટેલેન્ટ આથી હતાશાની હિમશિલા નીચે કચડાતી રહે છે. બુદ્ધિધન પરદેશ ઘસડાઈ જવા પાછળ પણ આ પરિસ્થિતિ જ જવાબદાર છે. ઈલેક્ટ્રોનિક્સમાં માસ્ટરેટ કે ડોક્ટરેટ મેળવવાની મથામણ કર્યા પછી જ્યારે તમે નોકરી કરવા જાવ ત્યારે તમે કાગળોના જંગલમાં ભૂલા પડી જાવ અને એક નર્યા કારકૂન બની રહો. આ હાલત કરવા માટે કાંઈ આપણા યુવજનો પાછળ દેશના ધનને આપણે ખર્ચતા નથી. આ માટે કેટલિસ્ટ (ઉદીપક) થવાની જરૂર છે, અને કેટલિસ્ટથી પદાર્થમય થવાય નહીં. બહારની વ્યક્તિ બની રહેવું પડે.'

પરંતુ એક પછી એક તમામ ભારત સરકારો ઉદ્દીપક થવાનો ધરાર ઈન્કાર કરે છે. ભારતની કોઈ સરકારને આ બ્રેન ડ્રેનની ફિકર ચિંતા નથી. દેશના બુદ્ધિધનને પરદેશમાં ઘસડાઈ જતું અટકાવવા માટે કોઈ પગલાં લેવાતાં નથી. ઊલટ મુંબઈમાં પ્રવાસી ભારતીયોને સંબોધતાં વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ એવી જાહેરાત કરે છે કે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ બાદ ભારતમાંથી વિદેશ જઈ વસેલા તમામ ભારતીયોને બેવડી નાગરિકતા આપવાનો તેમની સરકારે નિર્ણય કર્યો છે.

ત્રીજા પ્રવાસી ભારતીય દિવસના સમારંભનું ઉદ્‌ઘાટન કરતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે પ્રવાસી ભારતીયો હાલ જે દેશમાં રહે છે તે દેશની સરકાર મંજૂરી આપે તો ભારત એમને આવી (બેવડી) નાગરિકતા આપશે.

ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું તેમ આ નિર્ણય તો અગાઉની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની વાજપેયી સરકારનો હતો. એ સરકારે આવો સંકલ્પ જાહેર કર્યો હતો અને પછી દોહરાવ્યો પણ હતો છતાં એ દિશામાં નક્કર પગલાં લેવાયાં નહોતાં તે હવે પોતાની સરકાર લેવાની છે. (ટૂંકમાં સરકારો તમામ સરખી જ છે, નહીં ?)


અલબત્ત, આ જાહેરાત કરતી વેળા વડા પ્રધાને જે આશા વ્યક્ત કરી છે તેની સાથે સહમત થયા વિના ચાલે તેમ નથી. ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું કે, 'વધુ સંખ્યામાં એનઆરઆઈ ભારત આવે અને રોકાણ કરે તેવી ઇચ્છાથી આ પગલાં લેવાઈ રહ્યાં છે. વિદેશોમાં રહેતા ભારતીયો 'ભાગીદાર અને મિત્ર' તરીકે ભૂમિકા ભજવે તેવી અપેક્ષા.' આ અપેક્ષાને તો તથાસ્તુ અને આમીન કહીએ તે પહેલાં મનમોહન અને એમના સાથીઓને આશુતોષ ગોવારિકરનું શાહરુખ ખાન અભિનીત 'સ્વદેસ' જોવાની ભલામણ કરવી પડે.




ગુજરાતના માછીમારોને વરસો સુધી પાકિસ્તાનની જેલમાં સબડ્યા બાદ સ્વદેશ પાછા ફરવા મળે છે

• • •

ભારત-પાકિસ્તાન વચ્ચેની ત્રણ દિવસીય મંત્રણા ભલે ચેનાબ નદી પરની બગલીહાર જલવિદ્યુત યોજનાના મુદ્દે ભાંગી પડી હોય. આ નિષ્ફળ ગુફતેગુ પછી લવાદી માટે કોઈ તટસ્થ નિષ્ણાત નિયુક્ત કરવા માટે વિશ્વ બેંકનો સંપર્ક સાધવાની ધમકી પાકિસ્તાન ભલે ઉચ્ચારતું હોય પરંતુ ગુજરાત માટે એક સારા ખબર એ છે કે કચ્છને કનડતી સરક્રીક



સમસ્યાના મામલે પાકિસ્તાન પીગળતું જણાઈ રહ્યું છે. ભારત-પાક.ના સચિવો અશફાક મહેમૂદ અને વી.કે. દુગ્ગલ વચ્ચેની ૨૦૦૫ના પ્રથમ સપ્તાહની વાટાઘાટો સરક્રીકની સમસ્યા ઉકેલવા બાબતમાં વિધાયક રીતે આગળ વધી. દરિયાઈ સીમા આંકવા માટે સમુદ્રમાં થાંભલાઓ ખોડાય તે દરમિયાન ૨૬૬ ભારતીય (મુખ્યત્વે ગુજરાતી) માછીમારોને પાકિસ્તાનની જેલોમાંથી મુક્ત કરાયા છે.

સરક્રીક એ ભારતીય પ્રદેશ છે એવો પાકિસ્તાનનો મોડો મોડો સ્વીકાર આવકારદાયક ગણાય. યાદ રાખવું જોઈએ કે અત્યાર સુધી પાકિસ્તાન આ સચ્ચાઈ સ્વીકારવા તૈયાર નહોતું, બલ્કે આંતરરાષ્ટ્રીય અદાલત સુધી ઈસ્લામાબાદ સરક્રીકની સમસ્યાને ઘસડી ગયું હતું.

બીજી તરફથી ભારત સરકારે એક સ્વાગતયોગ્ય નિર્ણય કર્યો છે. વિઝાના નિયમને હળવા કરવાની માગણી સરહદની બંને તરફથી સતત થતી રહી છે. આ સંદર્ભમાં ૧૨ વર્ષથી નીચેના અને ૬૫ વર્ષથી ઉપરના નાગરિકો માટે વિઝાનાં નિયમનોમાં છૂટછાટ આપવાનો પ્રસ્તાવ સ્વાગતયોગ્ય છે. પાકિસ્તાન વહેલામાં વહેલી તકે આ દિશામાં પોતાનાં પગલાં લે એવી બંને પડોશી રાષ્ટ્રોના નાગરિકોની ઈચ્છા છે.

• • •

૨૦૦૨ના ગુજરાતમાં સાંભળવા મળેલી ભાષા પહેલાં ગોરખપુર (ઉત્તરપ્રદેશ) અને હવે રોહતક (હરિયાણા)માં બોલાતી થઈ છે. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ અશોક સિંહલે (સિંઘલ નહીં) પરિવાર નિયોજનની ખિલાફ જાહેરમાં પ્રજારો કર્યો હતો એ સૂચક છે.

હરિયાણાના રોહતકમાં વિશ્વ હિન્દુ પરિષદની મધ્યસ્થ સંચાલન સમિતિ અને આંતરરાષ્ટ્રીય પ્રન્યાસીમંડળ (ઈન્ટરનેશનલ બોર્ડ ઓફ ટ્રસ્ટી)ની ત્રણ દિવસની સંયુક્ત બેઠકને ૨૦૦૪ના છેલ્લા દિવસોમાં સંબોધતાં અશોક સિંહલે હિન્દુત્વવાદીઓને પરિવાર નિયોજનની ઐસી-તૈસી કરવાનું આવાહન કરતાં કહ્યું હતું કે, 'જો હિન્દુઓ પોતાની વસતિ નહીં વધારે તો એ આત્મઘાત કરવા જેવું હશે.'



વિહિપના અશોક સિંહલે હિન્દુઓમાં પરિવાર નિયોજનની સામે બુલંદ અવાજ ઉઠાવ્યો છે

દુનિયાભરમાંથી આવેલા પ્રતિનિધિઓને સંબોધતાં અશોક સિંહલે ભારતીય જનતા પાર્ટીનું નામ લીધા વિના એના પ્રત્યેની હિન્દુ સંગઠનો અને સંતોની વિતૃષ્ણા વ્યક્ત કરતાં કહ્યું, 'મૌજૂદા સમય મેં ઐસા પ્રતીત હોતા હૈ માનો ભારત મેં હિન્દુ રાજનીતિક રૂપ સે અનાથ હો ગયા હો.' અસ્થલ બોહરા મઠના મહંત અને ભારતીય જનતા પાર્ટીના વિધાનસભ્ય મહંત ચાંદનાથ, અખાડા પરિષદના પૂર્વ અધ્યક્ષ મહંત વિરમદાસ, વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડૉ. પ્રવીણ તોગડિયા અને ઉપાધ્યક્ષ આચાર્ય ગિરિરાજ કિશોર સહિત સંગઠનનો સમસ્ત નેતાગણ આ પ્રસંગે હાજર હતો.

અશોક સિંહલે કહ્યું કે રામ મંદિર માટેનું આંદોલન માત્ર મંદિર માટેનું આંદોલન નથી, હિન્દુ સમાજની સાંસ્કૃતિક આઝાદી માટેની લડાઈનું પ્રતીક છે. આ વર્ષના ચૈત્ર (એપ્રિલ) માસની નવરાત્રિ દરમિયાન દેશ આખામાં ઓછામાં ઓછાં બે લાખ ગામડાંમાં રામ મહોત્સવોનું આયોજન કરીને વિશ્વ હિન્દુ પરિષદે એક નવી રામ-લહેર પેદા કરવાનું વિચાર્યું છે. અશોકજીએ જણાવ્યું હતું કે, પોતાની વસતિને ઘટતી રોકવા હિન્દુઓએ પરિવાર નિયોજનનો ત્યાગ કરવો જોઈએ. લઘુમતી, ખાસ કરીને મુસલમાનોની આબાદી એટલી ઝડપે વધી રહી છે કે આવતાં પચાસ વર્ષોમાં ભારતની કુલ વસતિમાં તેમની સંખ્યા ૨૫થી ૩૦ ટકા થઈ જવાનો અંદાજ છે. આમ થવા દેવું તે આત્મહત્યા કરવા જેવું છે.

વિશ્વ હિન્દુ પરિષદે આ પહેલીવાર સંતતિ નિયમનની ખિલાફ પ્રજારો અનુભવ્યો છે, તેવું નથી. ભારત-નેપાળ સરહદે આવેલા ગોરખપુર નામના ઉત્તરપ્રદેશના જિલ્લામાં બે વર્ષ પહેલાં આવી જ ભાષા ઉચ્ચારાઈ હતી. ફેબ્રુઆરી ૨૦૦૩માં વિશ્વ હિન્દુ મહાસંઘના સાતમા મહાસંમેલનનું આયોજન ગોરખપુરમાં થયું હતું. ભારતીય જનતા પાર્ટીના યુવા સાંસદ યોગી આદિત્યનાથ અને એમના લેફ્ટેનન્ટ દીપક અગ્રવાલના પ્રયાસોનું આ પરિણામ હતું. ખરાબ તબિયત હોવા છતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ (હવે દિવંગત) સરસંઘચાલક રજ્જુ ભૈયા અને અશોક સિંહલ સહિત વિશ્વ હિન્દુ પરિષદના અનેક આગેવાનો આ સાતમા મહાસંમેલનમાં ખાસ હાજર રહ્યા હતા. આ વેળા ગોરખપુરમાં પણ ફેમિલી પ્લાનિંગનાં છોતરાં ઉખેડી નાખી હિન્દુઓને વસતિ નિયંત્રણથી દૂર રાખવાની સલાહ હિન્દુહિતને ખાતર અપાઈ હતી એ અત્રે યાદ રાખવું જોઈએ.


ત્યારે 'આઉટલુક' (હિન્દી) સાપ્તાહિકમાં 'યોગી ભાજપા કે લિયે ખતરા' એવા મથાળા હેઠળ યોગેશ મિશ્રાનો અહેવાલ પ્રસિદ્ધ થયો હતો તેમાં હિન્દુ હિતના નામે ગોરખપુરમાં આયોજિત સંમેલનથી સૌહાર્દને લઈને પેદા થયેલી ચિંતાની ચર્ચા કરાઈ હતી. મહંત આદિત્યનાથની જોડે ટૂંકી પ્રશ્નોત્તરી પણ અહેવાલ જોડે આવરી લેવાઈ હતી તેમાં ભાજપના આ યુવા સાંસદે કહ્યું હતું, 'અમારો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં હિન્દુ જાગરણ કરવાનો છે. આ દિશામાંના પ્રયાસોનું જ એ પરિણામ છે કે હવે હિન્દુ ગૌરવની અનુભૂતિ કરવા લાગ્યો છે. અમે ઈચ્છીએ છીએ દુનિયા આખીમાં આમ થાય.'

એ પછી તો સરયૂ નદીમાં ઘણાં પાણી વહી ગયાં છે. વીતેલા મહિનાઓમાં ગોરખનાથ મઠનું હિન્દુત્વીકરણ થઈ રહ્યું છે. ગોરખપુર જાણે 'કેસરિયો ગઢ' બની ગયો છે. બી.એસસી (મેથ્સ)ની ઉપાધિ ગઢવાલ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરનાર મહંત આદિત્યનાથ પોલિટેક્નિક સહિત ૧૮-૧૮ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરે છે. એકલા ગોરખપુરમાં ૧૫ ગૌશાળાઓ ચલાવે છે. એના કાર્યાલયનો એવો દાવો છે કે પોતાના મતવિસ્તારમાંથી ગૌમાસની બાંગ્લાદેશમાં નિકાસ થતી મહંતે રોકી છે. આવા મહંત આદિત્યનાથની ગોરખપુરી લીલા ક્યારેક જાણવા જેવી છે.

**અને પૂરું કરીએ તે પહેલાં...**


વાત નાગપટ્ટનમ્‌ની છે. તમિલનાડુના આ ક્ષેત્રમાં 'સુનામી'નો સર્વાધિક માર લાગ્યો છે. ત્યાં હજારો માણસો મૃત્યુની ગોદમાં પોઢી ગયા છે, બીજા હજારો, કદાચ લાખો બેઘર બન્યા છે. તેઓમાંના ઘણા લોકો રાહતશિબિરોમાં આશરો લઈને જિંદગીના કપરા દિવસો વિતાવે છે. આ રાહત છાવણીઓમાં બધી જ જાતિઓ, અમીરો અને ગરીબો આવ્યા છે.

પરંતુ સવર્ણ જાતિઓના કેટલાક કટ્ટર જુનવાણી લોકોએ આ રાહત-છાવણીઓમાં પણ દલિત જાતિના માનવીઓ પ્રત્યે ઘૃણાજનક આભડછેટ દાખવવા માંડી છે! અહેવાલો અનુસાર આ લોકો દલિતોને રાહતછાવણીની જાહેર ટાંકીમાંથી પાણી પણ ભરવા દેતા નથી! આ સવર્ણોએ રાહતપેટે આવેલી ખાદ્યસામગ્રી પર પણ પોતાનો કબજો જમાવી દીધો છે અને દલિતો સુધી તે પહોંચવા દેતા નથી. આના કરતાં વધારે મોટી શરમ બીજી કઈ હોઈ શકે?


અભિયાન
વિશ્વ ગુજરાતી
વિશેષ
ટેક્નોક્રેટ સેમ પિત્રોડા પુત્રી રાજલ સાથે

• શિશિર રામાવત

મુખપૃષ્ઠ અને અન્ય તસવીરો : પ્રદીપ ધિવાર



# સેમ પિત્રોડા
# "રાજકારણ અને બિઝનેસે એકબીજામાંથી ઘણું શીખવા જેવું છે..."

**તેજસ્વી અને સ્પષ્ટ. સરળ અને હળવાફૂલ. રાષ્ટ્રપતિના હસ્તે તાજેતરમાં પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ મેળવનાર અવ્વલ દરજ્જાના ટેક્નોક્રેટ સેમ પિત્રોડા સાથે અંતરંગ વાતચીતના અંશો પ્રસ્તુત છે...**



મુંબઈના નરીમાન પોઈન્ટસ્થિત એનસીપીએના ટાટા થિયેટરમાં ખાસ્સી ચહલપહલ છે. ત્રિદિવસીય પ્રવાસી ભારતીય દિવસના ત્રિદિવસીય કાર્યક્રમનો આજે છેલ્લો મણકો છે. ઓડિટોરિયમમાંથી આઠ-દસ લોકોથી વીંટળાયેલા સત્યનારાયણ ગંગારામ પિત્રોડા બહાર આવે છે. નેવી બ્લ્યુ સૂટ, સફેદ ફરફરતા લાંબા વાળ અને સંપૂર્ણપણે કાળી ફ્રેન્ચ-કટ દાઢી. ભારતના ખૂણેખૂણે એસટીડી- પીસીઓનાં પીળાં બૂથ ખડાં કરી દેવામાં અને દેશમાં ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર આ ટેક્નોક્રેટ કમ- બિઝનેસમેનની યશકલગીમાં ઘણાં પીંછાં શોભે છેઃ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT)ના સ્થાપક, સ્વર્ગસ્થ વડા પ્રધાન અને અંતરંગ મિત્ર રાજીવ ગાંધીના ચીફ ટેક્નોલોજી એડવાઈઝર, ભારતના ટેલિકોમ કમિશનના સર્વપ્રથમ ચેરમેન, વર્લ્ડટેલ કંપનીના ચેરમેન, સી-સેમ કંપનીના સ્થાપક તેમ જ ચેરમેન, ૫૦ કરતાંય વધારે વર્લ્ડવાઈડ પેટન્ટસના માલિક અને... "તેઓ બાયપાસ સહિત પાંચ મેજર સર્જરી કરાવી ચૂક્યા છે," તેમનાં પત્ની અનુના અવાજમાં ચિંતા છે, "તેઓ એક પણ ટાઈમ દવા લેવાનું ન ભૂલે તે જોવાનું કામ મારું છે..."

- પણ સેમ પિત્રોડાનો થનગનાટ અને ઊર્જા જોઈને તેમના સ્વાસ્થ્ય વિશે સહેજ પણ અંદેશો ન આવે. એમ તો, યશસ્વી સિદ્ધિઓ હાંસલ કરનાર આ માણસ આશ્ચર્ય થાય એટલી હદે સરળ હશે એવો અંદાજ પણ ક્યાં આવે છે? કાઠિયાવાડી રણકા સાથે વાત કરતા સેમ પિત્રોડા નખથી શિખા સુધી ગુજરાતી છે. ચકચકિત બિનનિવાસી ભારતીયો અને દુનિયાભરના મિડિયાના પ્રતિનિધિઓની ભીડભાડ વચ્ચે 'અભિયાન' સાથે તેઓ ઉત્કટતાપૂર્વક વાતો કરતા રહે છે.

ઓરિસાના ટિટલાગઢ નામના ગામમાં ચોથી મે, ૧૯૪૨ના રોજ એમનો જન્મ. સાધારણ સ્થિતિનાં માબાપ બે દીકરાઓને ભણવા માટે છેક વલ્લભવિદ્યાનગર મોકલે છે. પછી? સેમ પિત્રોડાના જીવન વિશેની અને અન્ય વાતો એમના મોઢે જ સાંભળવા જેવી છે...

***અભિયાન : ગુજરાતની અથવા તો વલ્લભવિદ્યાનગરની તમારી પ્રારંભિક સ્મૃતિઓ વિશે વાત કરો.***

સેમ પિત્રોડા : વલ્લભવિદ્યાનગર તે વખતે તો નાનકડું ગામ હતું. ૧૯૫૦ની આ વાત. હું ત્યારે નવ વરસનો. શારદા મંદિરમાં ભણવાનું અને એની જ હોસ્ટેલમાં રહેવાનું. એક રૂમમાં ત્રણથી ચાર છોકરાઓ હોય. મને યાદ છે, કમ્પાઉન્ડમાં એક આંબો હતો. આંબા નીચે

ભીખાભાઈ અને ભાઈલાલભાઈ પટેલની ઓફિસ હતી. મા-બાપને સેંકડો માઈલ દૂર ઓરિસામાં છોડીને આટલે દૂર આવીને ભણવું અને રહેવું સહેલું નહોતું. વર્ષમાં બે વાર ઘરે જવાનું - દિવાળી વખતે અને ઉનાળાની રજાઓમાં. ચાર દિવસ સુધી મુસાફરી ચાલતી. ટિટલાગઢથી રાયપુર, રાયપુરથી નાગપુર, નાગપુરથી ભુસાવળ, ભુસાવળથી સુરત, સુરતથી વડોદરા, વડોદરાથી આણંદ અને આણંદથી બસમાં વિદ્યાનગર. અહીં બધું કામ જાતે કરવું પડતું. વહેલું ઊઠવું, કપડાં જાતે ધોવાનાં, વાસણ જાતે ધોવાનાં, કસરત કરવાની... આ બધાને કારણે શિસ્ત કેળવાઈ અને વ્યક્તિત્વ ઘડાતું ગયું. સરળતા, સાદગી, મિત્રતા, ટીમવર્ક જેવા જિંદગીના મૂળભૂત પાઠ વલ્લભવિદ્યાનગરમાં શીખ્યા.

***વલ્લભવિદ્યાનગરની તમારી આ સ્કૂલની પછી ક્યારેય મુલાકાત લીધી ખરી?***

ઓહ, ઇટ ઇઝ અ ફની સ્ટોરી. પચાસ વર્ષ પછી હું એકવાર શારદા મંદિરમાં ગયો હતો. વિદ્યાનગરની યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં મારે વક્તવ્ય આપવાનું હતું. કોઇએ ભેગાભેગી સ્કૂલની મુલાકાત પણ ગોઠવી નાખી. મને તો ખબર પણ નહીં. મેં જઇને જોયું કે બસ્સો છોકરીઓ હાથમાં ફૂલ ને હારતોરાને એવું બધું લઇને મારું સ્વાગત કરવા કતારબદ્ધ ઊભી હતી. મને કહેવામાં આવ્યું કે શારદા મંદિર હવે ફક્ત છોકરીઓની સ્કૂલ થઈ ગઈ છે! આ પહેલો આઘાત હતો. મારા વખતે છોકરા-છોકરીઓ સાથે ભણતાં હતાં. પછી મને પ્રિન્સિપાલની ઓફિસમાં લઈ જવામાં આવ્યો. મારા સમયે પણ પ્રિન્સિપાલની ઓફિસ એ જ હતી. સ્કૂલનો આખો સ્ટાફ ત્યાં હાજર હતો. મારી નજર ખૂણામાં બેઠેલાં એક મહિલા પર પડી. મેં એક પળમાં એમને ઓળખી કાઢ્યાંઃ આ તો નલિનીબેન છે, અમારાં ટીચર! પચાસ વર્ષ પછી હું એમને જોઇ રહ્યો હતો... અને પછી તો અમે બન્ને ખૂબ રડ્યાં, નાનાં બાળકની જેમ! હાજર રહેલા બધા સ્તબ્ધ થઈ ગયા. મારી પત્ની અનુ પણ જોતી રહી ગઈ. આખો કાર્યક્રમ ખોરવાઈ ગયો કારણ કે અમારા બન્નેનો રડવાનો પ્રોગ્રામ પા કલાક સુધી એકધારો ચાલ્યો!

***કિશોર અને તરુણ વયમાં તમારો હીરો અથવા તો રોલ મોડલ કોણ હતું?***

મારાં માબાપ ઓરિસાના આદિવાસી વિસ્તારમાં રહેતાં. માંડ ચાર ચોપડી ભણેલાં. ગુજરાતી હોવાના નાતે ગુજરાત સાથેનો એક માત્ર નાતો એટલે ગાંધીજી અને સરદાર પટેલ! ઘરે 'જન્મભૂમિ' છાપું અને એવું બધું વાંચે અને ગાંધી-સરદારની વાતો કરે. ગાંધીજીની હત્યા થઇ ત્યારે ઘરે બધા નાહ્યા હતા. સરદાર પટેલનું અવસાન થયું ત્યારે પણ બધા નાહેલા. ગાંધી-સરદાર સ્વજનથીય વિશેષ ગણાતા. અમને વલ્લભવિદ્યાનગર ભણવા મોકલવાનો નિર્ણય પણ એટલા માટે લેવાયો હતો કે આ ગામ સરદારના વતન કરમસદની નજીક આવેલું છે. મને યાદ છે, મણિબેન (સરદારનાં પુત્રી) એક વાર મારી સ્કૂલે આવેલાં અને હું એમને મળેલો. આમ, અમારું બાળપણ ગાંધીવાદી આદર્શો વડે ઘડાયું. ઇવન, આજની તારીખે પણ મારામાં અમુક બાબતો જળવાઈ રહી છે.

***જેમ કે?***


જેમ કે, હું આ ઉંમરેય મારા આખા ઘરમાં જાતે પોતાં કરું છું! રોજેરોજ, સવારે, વર્ષના ત્રણસો ને પાંસઠે દિવસ! ઘરમાં ફુલટાઇમ અમેરિકન નોકરાણી છે, તો પણ! વાત બહુ વિચિત્ર લાગે એવી છે, પણ સાવ સાચી છે. સવારે ઊઠું, બ્રશ કરું, નીચે જાઉં, ફર્શ સાફ કરું, ઘર સમુંનમું કરું અને પછી શાવર લઉં. આ મારું સ્ટાન્ડર્ડ રુટીન. અનુ મારા પર બહુ ગરમ થાયઃ આવું કામ તે કંઈ



તમારે કરાતું હશે? પણ હું કહું કે ઘર ચોખ્ખુંચણાક જ જોઇએ અને તે કામ જાતે જ કરવાનું હોય! ગઈ કાલે જ શિકાગો દીકરી સાથે વાત કરી. મને કહેઃ ડેડી, મેંય હવે લાદીને પોતાં મારવાનું શરૂ કરી દીધું છે એન્ડ ઇટ ફીલ્સ ગુડ!

***તમે પહેલેથી જ મહત્ત્વાકાંક્ષી હતા, ખરું?***

કોને ખબર? વિદ્યાનગરમાં અમારે ઇન્દુબહેન નામનાં એક ટીચર હતાં. તે અમારા માટે પ્રેરણારૂપ હતાં. ઇન્દુબહેન અમને સગા દીકરાની જેમ રાખે,



સેમ પિત્રોડા : હું યોગ્ય સમયે યોગ્ય સ્થળે હાજર રહ્યો અને સફળતા મળતી ગઈ...

આમ કર ને આમ ન કર એવી સલાહો આપે અને છોકરો ડાહ્યો છે એવું બોલે એટલે આપણને થાય કે ઇન્દુબહેન રાજી થાય એવું કરીએ. બીજા એક વૈદસાહેબ હતા. અમને ભૂગોળ ભણાવતા. અમને નકશો આપીને કહેતા કે જ્યાં જ્યાં ચોખા ઊગે છે ત્યાં ત્યાં (સાચુકલા) ચોખા ચોંટાડો, ઘઉં ઊગે છે ત્યાં ઘઉં ચોંટાડો! એમની ભણાવવાની રીત બહુ કલ્પનાશીલ હતી. અને બીજી પ્રેરણા માબાપની. તેઓ ખૂબ મહેનત કરતાં એટલે એમને જોઇને અમેય મહેનતુ બન્યા.



***વડોદરામાં કોલેજલાઈફ કેવી રહી?***

કોલેજમાં ઈતર પ્રવૃત્તિઓમાં ખૂબ ભાગ લેતો. નાટક, ડીબેટ, પેઈન્ટિંગ ને એવું બધું કર્યા કરતા. બહિર્મુખ હું પહેલેથી છું. બરોડામાં એક દિવસ અનુને એના ઘરની બહાર જોઈ અને નક્કી કરી નાખ્યું કે લગ્ન તો આની સાથે જ કરીશ. એટલે પછી એને ઈમ્પ્રેસ કરવાનો પ્રોજેક્ટ શરૂ થયો! એ તબક્કો બે વર્ષ ચાલ્યો. દરમિયાન અમે મિત્રો બની ચૂક્યાં હતાં, પણ પ્રપોઝ કરવાની હિંમત ચાલતી નહોતી. ક્યાંથી ચાલે? એ નાગર અને હું સુથાર... ધોઝ વેર ગ્રેટ ડેઝ! મને ફિઝિક્સ ગમે છે એટલે એમાં એમ.એસસી. કર્યું. તે વખતે ખબરેય નહોતી કે આઈઆઈટી એટલે શું. એનું કારણ એ કે મારું વર્તુળ કંઈ શિક્ષિત લોકોનું વર્તુળ નહોતું. ભણવામાં હું સારો હતો. ફર્સ્ટ ક્લાસ આવી જતો... પણ મારું આમતેમ ભટકવાનું હંમેશા ચાલુ રહેતું. એક નંબરનો રખડુ હતો હું!

***તમારા અમેરિકાગમન વિશે વાત કરો.***


૧૯૬૪માં અમેરિકા ગયો તેની પાછળ મારા મોટા ભાઈનો ફાળો છે. તેઓ ઈચ્છતા હતા કે હું અમેરિકા ભણું. તેઓ પોતે જોકે કોલેજ પણ પૂરી નહોતા કરી શક્યા. તેમણે ઓરિસા ગવર્નમેન્ટ પાસેથી આર્થિક મદદ મેળવી હતી. મને હતું કે અમેરિકા જઈને કરીશું કશુંક! ઝાઝી કંઈ ખબર નહોતી. ત્યાં ગયા પછી મને કલ્ચરલ શોક જેવું કશું નહોતું લાગ્યું. તે ઉંમરે આપણામાં થનગનાટ હોય, જોશ હોય, બેવકૂફી હોય, નવી દુનિયા જોવાની હોંશ હોય... હા, જો આ ઉંમરે અમેરિકા જવાનું થાય તો હાર્ટ એટેક આવી જાય! એની વે, ખિસ્સામાં ૪૦૦ ડોલર લઈને અમેરિકા ગયો, શિકાગોની ઇલિનોઇસ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિયિનિરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી. ટ્યૂશનો કરીને કમાતો ગયો અને ભણતો ગયો. અમેરિકા ગયો ત્યારે ટેલિકોમમાં આગળ વધવું છે એવો કોઈ ખ્યાલ નહોતો. મેં ટેલિફોનનો સૌથી પહેલી વાર ઉપયોગ છેક અમેરિકામાં કર્યો હતો, અનુ સાથે વાત કરવા માટે! ભારતમાં તે વખતે ફોન નહોતા એવું નહોતું, પણ એ માત્ર પૈસાદાર લોકોને ત્યાં જ જોવા મળતા.


અનુ પિત્રોડા : પતિના સ્વાસ્થ્યની જવાબદારી મારી...

***જીવનમાં લક્ષ્ય ક્યારે બંધાયું? ફોકસ્ડ ક્યારે બન્યા?***

ફોક્સ્ડ તો વડોદરાની કોલેજમાં ભણતો હતો ત્યારથી જ હતો. ખૂબ એક્ટિવ રહેતો અને પુષ્કળ મહેનત કરતો. આખી યુવાની દરમિયાન હું રોજના ત્રણ કલાક કરતાં વધારે નથી સૂતો. હવે એવું શક્ય નથી બનતું, કારણ કે તબિયત સંભાળવી પડે છે. શિકાગો જઈને એમ.એસ.ની ડિગ્રી મેળવી લીધા



પરમ શ્રદ્ધાનું સર્જન...
આખા અમેરિકામાં કોઈપણ સ્થળે ઘેરબેઠાં મેળવો આપની મનગમતી કપાસીની કલાકૃતિ
N.R.I માટે હોમ ડિલિવરી સમગ્ર U.S.A / U.K

KAPASI HANDICRAFTS EMPORIUM Phone : 079-27541986 Mobile : 98240 66709 Website : www.kapasi.com

અહીં સચવાય છે ઐતિહાસિક સમય...
આપ ફક્ત કલાનો આનંદ માણો
હોમ ડિલિવરીની તમામ કાર્યવાહી પૂરી કરીશું અમે...

N.R.I માટે હોમ ડિલિવરી સમગ્ર U.S.A / U.K
KAPASI HANDICRAFTS EMPORIUM Phone : 079-27541986 Mobile : 98240 66709 Website : www.kapasi.com

પછી જીટીઈ નામની કંપનીમાં નોકરી સ્વીકારી. જીટીઈના કાર્યકાળ દરમિયાન વીસેક જેટલી પેટન્ટ રજિસ્ટર્ડ કરાવી અને તેમાંથી ઠીક ઠીક કમાયો. અનુને શિકાગો બોલાવી. પરણ્યાં. માબાપને અમેરિકા તેડાવ્યાં. એક પછી એક છએ છ ભાઈ-બહેનને તેડાવ્યાં અને તેમને સેટલ કર્યાં. દરમિયાન જીટીઈની નોકરી છોડીને ૧૯૭૪માં અમેરિકામાં પાર્ટનરો સાથે વેસ્કોમ સ્વિચિંગ ઈન્કોર્પોરેટેડ નામની કંપની સ્થાપી. તે સારી ચાલી. ૧૯૭૯માં કંપની વેચી કાઢી અને મિલિયોનર બન્યા.

***- અને પછી ભારત આવ્યા.***


હા. ૧૯૮૨માં ભારતની મારી એ પહેલી ટ્રિપ હતી. મારે આ દેશ સાથે ફરીથી જોડાવું હતું. ત્યાં અમેરિકામાં સફળ હોવા છતાં એક પ્રકારનો ખાલીપો વર્તાતો હતો. અહીં આવ્યો ત્યારે કોઈ આયોજન નહોતું, શું કરવા માગું છું એની ખબર નહોતી. એક દિવસ દિલ્હીથી શિકાગો ઘરે ફોન જોડ્યો અને માત્ર જોરજોરથી 'હેલો! હેલો! હેલો!' ચીસો પાડીને ફોન મૂકી દેવો પડ્યો. મેં જોયું કે ભારતમાં ટેલિકોમ્યુનિકેશનની સ્થિતિ બહુ કંગાળ હતી. ભારતની તે વખતની ૭૫ કરોડ જનતા વચ્ચે માત્ર ૨૦ લાખ ફોન બિલકુલ અપૂરતા હતા. મને ટેલિકોમ્યુનિકેશનના ક્ષેત્રમાં કશુંક કરી શકવાની તક દેખાઈ. મેં તે દિશામાં આગળ વધવાનો નિર્ણય કર્યો.

*(એક બહુ જાણીતી વાત છે. સેમ પિત્રોડાએ તત્કાલીન વડા પ્રધાન ઈંદિરા ગાંધીને મળવા માટે સમય માગ્યો. સેમ પિત્રોડાને માત્ર દસ મિનિટ ફાળવવામાં આવી. એમણે ના પાડી દીધીઃ મને ઈંદિરાજી પૂરો એક કલાક આપે તો જ મળવું છે! તે એક કલાકની મુલાકાત માટે એમણે એક વર્ષ રાહ જોવી પડી! પણ તે મિટિંગ નિર્ણાયક બની રહી. સેમ પિત્રોડાએ ચોક્કસ બજેટ, ત્રણ વર્ષની મહેતલ અને ૧ રૂપિયાનો વાર્ષિક પગારનો પ્રસ્તાવ મૂક્યો. ભારત આજે સોફ્ટવેરના ક્ષેત્રમાં 'હોટ' ગણાય છે અને આ પરિસ્થિતિનો ૧૯૮૪માં પાયો નાખનાર સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT)નું બીજ પેલી મિટિંગમાં જ રોપાયું હતું.)*

***સેમ પિત્રોડાઃ*** મેં ઇંદિરા ગાંધીને પ્રેઝન્ટેશન આપ્યું તે વખતે રાજીવ ગાંધી પણ હાજર હતા. અમારી તે પહેલી મુલાકાત. પહેલી જ વારમાં અમારી વચ્ચે ક્લિક થઈ ગયું હતું. મા-દીકરા બન્નેએ જોયું કે આ માણસમાં એક પ્રકારનું પેશન છે, પાગલપણું છે. એ શું કરશે એની ખબર નહોતી પણ કશુંક કરશે ખરો એવું લાગ્યું ખરું! અલબત્ત, હું જેન્યુઈન છું અને પૈસા લઈને ભાગી જવાનો નથી એની ખાતરી કરવા એક ટીમ અમેરિકા મોકલવામાં આવી હતી, જે મારી સાથે અગિયાર દિવસ રહી. હું એક વાતે સ્પષ્ટ હતોઃ કાં તો તમે દેશ માટે કશુંક કરી શકો, અથવા તો પૈસા બનાવી શકો. આ બન્ને કામ એક સાથે ન થાય.

***અમેરિકા છોડીને ભારતમાં વાર્ષિક એક રૂપિયાના પગારવાળું કામ સ્વીકારવાના તમારા નિર્ણયને પરિવારે પૂરેપૂરો ટેકો આપ્યો?***

હા. છોકરાંવ નાનાં હતાં એટલે ભારત આવી શક્યાં. મોટાં હોત તો ન આવી શકત. મારી આ આખી જિંદગીમાં સૌથી વધારે સહન કરવાનું મારી પત્નીના ભાગે આવ્યું છે.



*(અનુ પિત્રોડા હસીને કહે છેઃ "એમણે અમને ચોખ્ખું કહી દીધેલુંઃ કાં મારી સાથે ચાલો અથવા મારા માર્ગમાંથી દૂર થઈ જાઓ... સીતા રામની પાછળ પાછળ ચાલ્યાં હતાં તેમ હું ય તેમને અનુસરું છું.")*

***ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ અને રાજીવ ગાંધી સાથે નિકટતા- આ બે બાબતોને લીધે તમે સતત મિડિયાની નજરમાં રહ્યા. તમારા વિશે જે કંઈ લખાતું- છપાતું રહે છે તે તમારા માટે કેટલું મહત્ત્વનું છે?***

ઈટ રિયલી ડઝન્ટ મેટર. મિડિયાના એટેન્શનથી મને કશો જ ફરક નથી પડ્યો. મેં મારું કામ કર્યું અને આ કામ ભારતના લોકોને સીધું જ સ્પર્શતું હતું- ઈટ વોઝ અ પબ્લિક સ્ટોરી-એટલે મિડિયાએ તેના વિશે લખ્યું. લખવું તે મિડિયાનું કામ છે. ૧૯૮૭માં આઈઆઈએમ, કલકત્તાના પદવીદાન સમારંભના ભાષણમાં મેં કહેલું કે હું સચ્ચાઈ, પ્રામાણિકતા, સરળતા, બલિદાન અને પુરુષાર્થ જેવાં ગાંધીવાદી મૂલ્યોમાં માનું છું. તમે જીન્સનું પેન્ટ પહેરીને અને સ્કોચ વ્હિસ્કી પીને પણ આ મૂલ્યો જાળવી રાખતા હો તો મારી દૃષ્ટિએ તમે ગાંધીવાદી છો. બીજા દિવસે છાપામાં આખી વાત મરોડીને મથાળું છપાયુંઃ સેમ પિત્રોડા કહે છે કે ગાંધીવાદીઓ જીન્સ પહેરે છે અને દારૂ પીએ છે! ગાંધીવાદીઓ આ વાંચીને રોષે ભરાયા અને તેમણે વડા પ્રધાન તેમ જ



ગ્લોબલ મૈત્રી : લોર્ડ ભીખુ પારેખને પણ સેમ પિત્રોડાની સાથે પ્રવાસી ભારતીય સન્માન વડે નવાજવામાં આવ્યા

રાષ્ટ્રપતિને ફરિયાદ કરીઃ સેમ પિત્રોડાએ જાહેરમાં માફી માગવી પડશે! મેં માફી માગવાનો ઈનકાર કરી દીધો. મેં કહ્યું કે મને ખબર છે હું શું બોલ્યો છું અને હું ફરી કહું છું કે જીન્સ પહેરીને અને સ્કોચ પીને પણ તમે ગાંધીવાદી હોઈ શકો છો. બીજું કોઈ સહમત હોય કે ન હોય તે અલગ વાત થઈ.

***અમેરિકા શા માટે પાછું ફરવું પડ્યું?***

મારી પાસે જે કંઈ પૈસા હતા તે બધા ખર્ચાઈ ગયા હતા. અગિયાર વર્ષ સુધી બબ્બે ઘર ચલાવીને (એક ભારતમાં, બીજું અમેરિકામાં) હું ખાલી થઈ ગયો હતો. ૧૯૯૧માં મને હાર્ટ એટેક આવ્યો હતો. છોકરાંવ કોલેજમાં આવવા જેવડાં થયાં ત્યારે મને ભાન થયું કે તેમને ભણાવવા માટે પૈસા સારા એવા જોઈશે. એક જણની કોલેજ ટ્યૂશન ફી ૭૫,૦૦૦ ડોલર થાય. આમ, બન્નેને ભણાવવા માટે દોઢ લાખ ડોલર જોઈએ. રાજીવ ગાંધી જીવતા હોત તો ભારતમાં જ રહીને સ્કોલરશિપ વગેરે વડે મેનેજ થઈ શક્યું હોત. અમેરિકા જઈને સૌથી પહેલું કામ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાનું કર્યું. ડ્રાઈવિંગની પરીક્ષા આપતાં પહેલાં બહુ બધું વાંચવું પડ્યું. મનમાં ફડકો હતો કે ક્યાંક નાપાસ ન થઈ જાઉં! સદ્ભાગ્યે મારી એક ઈલેક્ટ્રોનિક ડાયરીની પેટન્ટના અધિકારો હતા. તે વેચીને પછી ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનો બિઝનેસ શરૂ કર્યો... મારો દીકરો સલીલ મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાંથી

એન્જિનિયર બન્યો અને પછી હાર્વર્ડ યુનિવર્સિટીમાં મેનેજમેન્ટનું ભણ્યો. એનાથી નાની દીકરી રાજલ હમણાં બે વર્ષ મુંબઇ રહી ગઇ. એણે બોલીવૂડ પર પુસ્તક લખ્યું છે, જે હવે છપાશે. તે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રોડ્યુસર અને ફાઇનાન્સ કન્સલ્ટન્ટ તરીકે કામ કરવા માગે છે.

*તમારી કંપની વર્લ્ડટેલનું ફોકસ શું છે?*

ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ભારતમાં જે કંઈ થઈ શક્યું તે બીજા વિકાસશીલ દેશોમાં પણ થઈ શકે છે તે વિચાર વર્લ્ડટેલ કંપનીના મૂળમાં છે. ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન્સ યુનિયન (આઇટીયુ)એ વર્લ્ડટેલની લંડનમાં રચના કરી. મને તેનો ચેરમેન અને સીઇઓ બનાવવામાં આવ્યો. ટેલિકોમ અને ઇન્ટનેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઇન્વેસ્ટ કરવા માગતી દુનિયાની મોટી કોર્પોરેટ કંપનીઓ દ્વારા તે ચાલે છે. જોકે ટેલિકોમનો ફુગ્ગો ફૂટ્યો તે પછી કેટલીય કંપનીઓએ તેમાં ઇન્વેસ્ટ કરવાનું બંધ કર્યું. હું પણ શિકાગોથી લંડન ઊડાઊડ કરી કરીને થાકી ગયો હતો. અત્યારે હું વર્લ્ડટેલનો માત્ર ચેરમેન છું.

*ગુજરાતના વિકાસ માટે તમે કેટલુંક પ્લાનિંગ કરેલું...*

ઓહ યેસ. શંકરસિંહ વાઘેલા ગુજરાતના ચીફ મિનિસ્ટર હતા ત્યારે પાણી, ખેતી, હાઉસિંગ વગેરે ક્ષેત્રોના વિકાસ માટે કેટલીક કમિટીઓ બનાવવામાં આવી હતી. જુદા જુદા પંદર વિસ્તારો આઇડેન્ટિફાય કરવામાં આવેલા, મીટિંગો થઈ હતી, પણ કશુંય અમલમાં મુકાય તે પહેલાં સરકાર બદલાઈ ગઈ અને આયોજન ચોપટ થઈ ગયું. આ બધું પાછું રિવાઇવ થઈ શકે પણ તે માટે ગાંડપણ હોવું જરૂરી છે. તીવ્ર આંતરિક ઇચ્છા વગર કશું થઈ ન શકે. ગોધરાકાંડ અને તે પછીનાં રમખાણો બાદ ગુજરાતની ઇમેજ ખરડાઈ જ છે અને તેને લીધે ઇન્વેસ્ટરો પર ચોક્કસપણે ફરક પડ્યો છે. કમ સે કમ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીવાળા ગુજરાતમાં ઇન્વેસ્ટમેન્ટ નહીં કરે. તેઓ કાં તો હૈદરાબાદ જશે અથવા તો બેંગલોર.

*તમે રાજીવ ગાંધીના અંતરંગ વર્તુળમાં હતા, પણ પછી ભાજપની સરકાર આવી અને તમે હાંસિયામાં ધકેલાઈ ગયા...*

મને કોઈએ હાંસિયામાં ધકેલ્યો નથી. મેં જ મારી જાતને સાઇડલાઇન કરી નાખી હતી. ભાજપના ટોચના નેતાઓ સાથે મારે સારા સંબંધો છે. ઇન ફેક્ટ, છેલ્લી ચૂંટણી દરમિયાન કોંગ્રેસના પ્રચારકાર્ય માટે હું ભારત આવેલો ત્યારે ભાજપના કોઈ નેતા તરફથી મને તકલીફ નહોતી થઈ. એટલી ક્રેડિટ તો ભાજપને આપવી જ પડે...

*સોનિયા ગાંધીની કોંગ્રેસના રાજમાં સેમ પિત્રોડા પાછા પાવરફુલ બની જશે...*

ના રે ના. એવું કંઈ નથી.

*સોનિયા, રાહુલ અને પ્રિયંકાના સંપર્કમાં રહો છો?*

હા. પ્રિયંકા કરતાં રાહુલને હું વધારે સારી રીતે ઓળખું છું. બુદ્ધિશાળી અને સેન્સિટિવ છોકરો છે એ. તેનું દિમાગ કોઈ પણ સ્થિતિનું સરસ રીતે વિશ્લેષણ કરી શકવા માટે સમર્થ છે.

*તમે વચ્ચે રાજકીય પક્ષોને બિઝનેસની માફક ચલાવવાની વાત કરી હતી.*

મૂળ આઇડિયા રાજકીય પક્ષોને નવેસરથી ચેતનવંતા કરવાનો છે. પાર્ટીની કાર્યશૈલી કોઈ પણ પરિસ્થિતિ સાથે મેળ ખાઈ શકે તેવી હોવી જોઇએ. વ્યવસ્થિત ડેટાબેઝ હોય, વેલ-ડિફાઇન્ડ પ્રોસીજર્સ હોય, આધુનિક ઓર્ગેનાઇઝેશન હોય... બિઝનેસની જેમ. મને લાગે છે કે રાજકારણે બિઝનેસ પાસેથી અને બિઝનેસે રાજકારણ પાસેથી ઘણું શીખવાનું છે. બિઝનેસમાં વહીવટ સ્પષ્ટ હોય, પણ ત્યાં લોકશાહીકરણ થયું નથી હોતું. તે જ પ્રમાણે, રાજકારણમાં લોકશાહીકરણ બરાબર થયું હોય છે, પણ ત્યાં વહીવટ સાફ હોતો નથી. રાજકારણીઓ પાસે પ્રેઝન્ટેશન કરીએ એટલે તેઓ વિચાર્યા કરે. ભારતમાં તકલીફ એ છે કે બધા ઊલટું જ સમજે છે! તેઓ કદી અલગ ચિત્ર નહીં જુએ. કોઈ વાતને પર્સનલી લઈ લેશે તો કોઈ વળી ખિજાઈ જશે!

*તમારી લેટેસ્ટ કંપની 'સી-સેમ' (C-Sam) વિશે વાત કરો*

'સી-સેમ'માં 'સી' એટલે કોમર્સ. સ્માર્ટ એક્ટિવ મોબાઇલ કોમર્સ. મોબાઇલ વડે બેન્કના ટ્રાન્ઝેકશન્સ અને જુદાં જુદાં બિલ-પેમેન્ટસ કરવા શક્ય છે. અમેરિકા, ઇંગ્લેન્ડ, જપાન, ભારત વગેરે દસ દેશોમાં અમારું નેટવર્ક છે.



સેમ પિત્રોડા : જિંદગી કરતાં ચઢિયાતું રોલરકોસ્ટર બીજું એકેય નથી

હજુ તો અમે જોકે શરૂઆત જ કરી છે. ૨૦૦ માણસો અને બિલિયન ડોલર કંપની-એ મુખ્ય આઇડિયા છે.

*'સી-સેમ'ની મોબાઇલ વોલેટ નામની પ્રોડક્ટને ભારતમાં એસટીડી-પીસીઓના બૂથ જેટલી કોમન બનાવી દેવાનું તમારું હવે પછીનું લક્ષ્ય છે, ખરું?*

કોને ખબર? આપણે તો બિઝનેસ કરવો છે, બસ.

*પાછું વળીને જુઓ છો ત્યારે આખી જિંદગી કેવી લાગે છે?*

હું યોગ્ય સમયે યોગ્ય સ્થળે હાજર રહ્યો અને મને સફળતા મળી. મારી આખી કારકિર્દિને આ રીતે જોઈ શકાય. જે ચડે છે તે પડે છે અને જે પડે છે તે પાછો બેઠો થાય છે. જિંદગી કરતાં ચઢિયાતું રોલરકોસ્ટર બીજું એકેય નથી. અ


ગ્રહોના રીયલ નંગોનો સી.જી.રોડ પર એકમાત્ર શો-રૂમ

ગ્રહોના રીયલ નંગો વ્યાજબી ભાવે
ટ્રેડીશનલ-ડીઝાઈનર સ્ટોન જ્વેલરી
ડાયમંડ જ્વેલરીની વિશાળ શ્રેણી
જ્યોતિષ મિત્રો અચૂક સંપર્ક કરે

રોશની
જેમ્સ એન્ડ જ્વેલર્સ (ખંભાતવાળા)

100% શુધ્ધતાની ખાત્રી

આપનો વિશ્વાસ, અમારી વચનબધ્ધતા

૧૩૪, સુપરમોલ કોમ્પલેક્ષ, લાલ બંગલા પાસે, સી.જી.રોડ ફોન:૨૬૪૦૨૯૦૦/૫૫૨૧૮૨૮૩ અમારી બીજી કોઈ શાખા નથી